# પ્રતિમાની કલાપ્રતિભા





**તા**જેતરમાં જ અમદાવાદની ગુફા ખાતે મુંબઈ નિવાસી પ્રતિભા શેઠનાં રેખાંકન અને નૈસર્ગિક ચિત્રોનું પ્રદર્શન અમીત અંબાલાલના હસ્તે ખુલ્લું મુકાઈ ગયું.

પ્રતિભાબહેનના પર્સપેક્ટિવ XXI શીર્ષક હેઠળ નૈસર્ગિક રેખાંકન અને ચિત્રોમાં આધુનિક પ્રવાહ પ્રણાલી જોઈ શકાય છે. ચિત્રકારને મન ચિત્રસર્જન તેની પ્રક્રિયાની જે મોજ તેમાં ઉપસાવેલ કુદરતી (નૈસર્ગિક) હવાને રંગો દ્વારા ફલક પર રેલાવવામાં જે મજા પડતી હશે તે તો ચિત્રકાર જાણે - તેની અનુભૂતિ પણ એ જ (ચિત્રકાર) કરી શકે. તે ચિત્ર કલાપારખુને તેના મન-મગજમાં એક આભા ઊભી કરાવી કુદરતી સૌંદર્યની, તેના વાતાવરણની મોજ કરાવે તેનાથી વિશેષ શું હોઈ શકે? પ્રતિમાબહેનનાં રેખાંકનો પણ એક આગવી શૈલીને પ્રદર્શિત કરે છે. તેમાં ઉપસાવેલા ટોનના માધ્યમથી ચિત્રમાં ડાયમેન્સન દર્શનીય છે. પ્રતિમાબહેને ૧૯૮૧માં અમદાવાદ કોન્ટેમ્પરરી આર્ટ ગેલેરીમાં વ્યક્તિગત પ્રદર્શન યોજ્યું હતું. પ્રતિમાબહેનનાં ચિત્રકલા જગતની સફરમાં જે ચિત્રો સર્જન પામે છે તે તેમનો આગવો સ્વભાવ છે. જે તેમને રૂબરૂ મળતા તાદૃશ્ય થઈ શકે છે.



પ્રતિભા શેઠ

અહીં પ્રદર્શિત કરેલાં ચિત્રોમાં માપની પણ વિવિધતા જોઈ શકાશે. ચિત્ર નાનું હોય કે મોટું, કલાકારે તો તેના સર્જનને નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરવું જ રહ્યું. પ્રયોગાત્મક સર્જન પણ કલાકાર સ્વીકારે અને માત્ર પ્રયોગાત્મક જ નહીં બલકે તેની સર્જનાત્મકતાને એક સાધનારૂપી તેની પ્રક્રિયાની ક્રિયાને પ્રસ્થાપિત કરી બતાવે તે કલાકાર...

એમ પણ માનવજીવનનો મોટો અને સાચો ધર્મ એ જ છે કે તેને ફાળે આવેલ કે કુદરતે જીવનક્રમને જે ફરજ અદા કરવાની ખેવના બતાવી છે તેને જ વળગ્યા રહી પોતાના કાર્યને પ્રજ્વલિત કરી દીપાવે તે જ માનવકર્મ કહેવાય. આપણા સમાજની ઓળખમાં કલાનો મોટો ફાળો છે. તે સિવાય તો માનવી અને સમાજ અધૂરો ગણી શકાય. જે કલાકાર નૈસર્ગિક રહ્યો છે તેની અને સમાજની પ્રફુલ્લિતતાને જાણવી, ઓળખવી અને માણવી, તેનાથી વિશેષ આ આધુનિક યુગમાં શાંતિની શોધ થઈ હોઈ શકે. સંતોષ અને શાંતિના સમન્વયને કોઈ રીતે જો પૂર્ણતા બક્ષે તો કલા તેનું માધ્યમ હોઈ શકે.

પ્રતિમાબહેનનો કલાજગત સાથેનો નાતો અનેરો છે. મુંબઈની સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટમાંથી ડિપ્લોમા ઇન પેઇન્ટિંગની ઉપાધિ લઈ તેમણે અનેક પ્રદર્શનોમાં ભાગ લીધો છે અને પારિતોષિકો પણ મેળવ્યાં છે. અમદાવાદ, મુંબઈ, દિલ્હી, કલકત્તા, બેંગ્લોર, ચિન્નાઈ અને જર્મનીમાં તેમના વ્યક્તિગત અને સંયુક્ત પ્રદર્શનો યોજ્યાં છે. રોમ, મિલેન, ફ્લોરેન્સ, પેરિસ, લંડન, સ્ટુટગાર્ડ મ્ટુનિચ અને ફ્રેન્યકફલ (યુ.એસ.એ.) દેશોમાં કલા પ્રવાસ કર્યો છે. તેમનાં ચિત્રસર્જનની સાથોસાથ છેલ્લાં ૨૦ વર્ષ દરમિયાન તેમણે ઉપાડેલ એક અભિયાન 'ડિક્શનરી ઓફ આર્ટ એન્ડ 'આર્ટિસ્ટ' જેમાં ૬૫૦ જેટલા કલાકારો, ટાઇમ, હિસ્ટ્રી અને ઇન્ડિયન આર્ટ ઇન્ફર્મેશનની સમીક્ષાનો સમાવેશ થયો છે. જે ૨૦૦૬માં માપીન પબ્લિકેશન દ્વારા પ્રગટ થયું છે. જેમાં કલાજગતની સર્વલક્ષી સભર માહિતી દર્શાવાઈ છે. પ્રતિમાબહેનનું આ એક આગવું પ્રદાન કલાજગત માટે કહી શકાય. આ અભિયાને તેમના અનુભવને જ તેમને કલા સંપર્કનો સચોટ અનુભવ કરાવ્યો છે. દેશમાં ચાલતા ઠેર-ઠેર કલા અને કલાકારના યોગદાનને તેમણે લગભગ સમાવી લીધા છે. આ પ્રતિમાબહેન એકલા કલાકાર જ ન રહેતાં કલા સમીક્ષક બની ચૂક્યાં અને તેમણે કલાજગતમાં અનેક શિખરો સર કરી બતાવ્યાં. કલાપર્યંત કલાસૂઝ અને કલાને પ્રતિસાદ કરતા આ કલાકારને તેમના કલાવિહારમાં વિહરવાનું હવે અતૂટ-અનન્ય થઈ રહ્યું અને દૂર-દૂર સુધી પ્રકાશ ફેલાવવો જ રહ્યો. ૫૬ વર્ષની ઉંમરે પ્રતિમાબહેન અવિરત કાર્ય કરી રહ્યાં છે.

**- મનહર કાપડિયા**

